


# જ્યોતિપુંજ

JYOTI PUNJ

Price Rs. 1/-
Issue No. - 2
R.N.I. No. : 11555 / 1957
Vol No. 66
Total : 36 Pages
May - 2022
1

legrand
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST
matchwell ELECTRIC COMPANY

## COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

**WHY LEGRAND AT MATCHWELL**

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Control and Command
* Voice Data Images
* Active International Presence.
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand

# MATCHWELL ELECTRIC COMPANY
## HINDUSTAN TAPEX COMPANY

**ADMINISTATIVE SHOP** : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
**PHONE** : 66336766/ 22080067/ 22063916. **TALLKFREE** :- 022-39567272 /373
**E-mail** : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

**DISPLAY SHOWROOM** : Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
**PHONE** : 022-39567627/ 022- 49764924/ **Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).**
**E-mail** : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
**SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).**

legrand BCH LUKER (J.V. LUKER - USA) steelgrip
Pidilite WD-40 M-seal KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૬ | ૨ | ૨૧-૦૫-૨૦૨૨ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)**

**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**

**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**

**નિલેશ દેસાઈ**

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

DDD

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

DDD

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

DDD

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
Visit us at www.balasinor.org


# અખિલ ભારતની વિરલ વિભૂતી આદ્ય શંકરાચાર્ય

**તંત્રી સ્થાનેથી**

**- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

પહાડ-પર્વતો ઓળંગીને, નદીનાળાં તરીને, વનજંગલો પાર કરીને આઠ વરસનો એક બાળક પવિત્ર નર્મદા નદીના કિનારે એક ગુફાના દ્વાર આગળ આવીને ઊભો છે. ગુફામાં મહાયોગી ગોવિંદ ભગવદ્પાઠ સમાધિમાં લીન થઈ બેઠેલા છે. બાળક એમને દંડવત્ પ્રણામ કરી હાથ જોડી પ્રાર્થના કરે છે : ભગવન્, હું આપનો શિષ્ય થવા આવ્યો છું.'

આ શબ્દો કાનમાં પ્રવેશતાં જ મહાયોગી સમાધિમાંથી જાગ્યા. તેમણે બાળકની સામે જોયું : કહ્યું : તું કોણ છે ?'

જવાબમાં બાળકે તે જ ક્ષણે સંસ્કૃતમાં દસ શ્લોક બનાવી કાઢીને ગાયા. તેમાં તેણે કહ્યું : 'હું નથી પૃથ્વી, નથી પાણી, નથી અગ્નિ, નથી વાયુ કે નથી આકાશ ! હું તો ચિદાનંદરૂપ શિવ છું ; શુદ્ધ ચૈતન્ય રૂપ આત્મા છું. ચિદાનંદરૂપ : શિવોહમ્ શિવોહમ્ !'

ગુરુ જવાબથી પ્રસન્ન થયા. તેમણે મનમાં કહ્યું : 'ઓહોહો ! આ તો સ્વત : જ્ઞાની છે, આને હું શું શીખવવાનો ?' તેમણે તેને સંન્યાસ-દીક્ષા આપી શિષ્ય તરીકે સ્વીકાર્યો.

આ શિષ્ય તે આચાર્ય શંકર - આદ્ય શંકરાચાર્ય.

શંકરાચાર્યનો જન્મ દક્ષિણ ભારતના કેરળ રાજ્યમાં કાલડી નામે ગામમાં, નામ્બુદ્રી બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. વૈશાખ સુદ પાંચમ તેમની જન્મતિથિ ગણાય છે. વર્ષ વિષે મતભેદ છે, પણ વિદ્વાનો ઈ.સ. ૭૮૮માં તેમનો જન્મ થયાનું માને છે. તેમના પિતાનું નામ શિવગુરુ અને માતાનું નામ આર્યામ્બા હતું. પાંચ વર્ષની વયે તેમને ઉપવિત ધારણ કરાવી ગુરુને ઘેર ભણવા મૂકવામાં આવ્યા હતા. તે વખતે તેમના પિતા હયાત નહોતા.

આઠ વર્ષના થતા થતામાં તો શંકરે વેદવેદાંગનો અભ્યાસ પૂરો કરી નાખ્યો હતો. હવે તેમને તેમના

II Shree Ganeshay Namah II

Dipesh Desai : 9821115849
8850333537

SERVING SINCE 1989

Harsh Desai : 7977911412
9819158669

TRADE LINK

Authorised Channel Partner : AJMERA | HENSEL | WALTHER | ELMEASURE | HPL | COOLEX

AJMERA
Marine Switchegears,
Marine Light Fittings,
Industrial Switchgears and Panel.

ELMEASURE®
Possibilities...Infinite

walther
Electrotechnical Systems
Plugs, Sockets,
Interlock Switch Socket,
Socket with MCB Provision.

HENSEL
PASSION FOR POWER
Junction Boxes (IP 55/65/66/67/68),
MCB Boxes, Cable Drums,
Pole Boxes, Glands.

HPL
Change Over Switch
ATS, ACB, Contactor,
HRS Fuse Link,
MCCB, Relays.

COOLEX®
a smart LED innovation
LED Light Fixtures

Sales Off. : 209, 2nd floor, Bulakhidas Building, Vithaldas Lane, Lohar Chawl, Mumbai- 400 002.
H. O. : 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
Phone : 4005 5849 / 6933 3231 • E-mail : tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

Website : www.tradelinkindia.net

જીવનકાર્યનો ખ્યાલ આવી ગયો હતો. તેથી સંન્યાસ લેવા માટે તેમણે માતાની રજા માગી. વિધવા માતાનો એ એકનો એક પુત્ર, એકનો એક આધાર હતો, તેથી માતાએ ના પાડી.

એવામાં એક દિવસ નદીએ નહાવા જતાં મગરે શંકરનો પગ પકડયો. શંકરે માતાને બૂમ મારી : 'મા, મગરના મોં માંથી હું બચવાનો નથી; પણ અંત વેળાએ સંન્યાસ ધારણ કરવાનો વ્યવહાર છે. માટે તું મને સંન્યાસની રજા આપ !' રડતાં રડતાં મા એ રજા આપી. બન્યું એવું કે એ જ વખતે મગરે શંકરનો પગ છોડી દીધો. શંકર બચી ગયા. સાથે સંસારરૂપી મગરનાં જડબામાંથી પણ બચી ગયા.

હવે માની આજ્ઞા મળી ચૂકી હતી, એટલે શંકરે ઘરનો ત્યાગ કર્યો. પણ છૂટા પડતી વખતે માતાએ પુત્રની પાસેથી એક વચન માગી લીધું કે મારી અંત્યેષ્ટિ ક્રિયા તારે જ કરવી. શંકરે માતાને એ વચન આપ્યું.

શ્રી શંકરાચાર્ય તત્ત્વજ્ઞાની હોવાની સાથે મહાયોગી હતા. એક દિવસ દિવ્ય દૃષ્ટિથી એમને ખબર પડી કે એમનાં માતા મૃત્યુ શય્યા પર છે. એટલે માતાને આપેલા વચન પ્રમાણે તેઓ તરત જ કાલડી પહોંચી ગયા. પુત્રને જોઈ માતાએ ખુશ થઈ કહ્યું - 'મારો મોક્ષ થાય એમ કર !' શ્રી શંકરે માતાને બ્રહ્માના તત્ત્વજ્ઞાનનો બોધ આપવા માંડયો. માતા કહે : 'દીકરા, સગુણ નિર્ગુણમાં હું કાંઈ ન સમજું' ત્યારે શ્રી શંકરે એમને ચંદ્રમૌલિશ્વરનું સ્વરૂપ સમજાવવા માંડયું. માતા કહે : 'મારું મન એમાં બેસતું નથી' ત્યારે શ્રી શંકરે કૃષ્ણનું સ્તોત્ર ઉપાડયું. આઠ કડીના એ સ્તોત્રને કૃષ્ણાષ્ટક કહે છે. પહેલી જ કડીમાં શ્રી શંકરે કહ્યું.

**गदी शंखी चक्री विमलवनमाली स्थिररूचि :।**
**शरण्यो लोकेशो मम भवतु कृष्णडक्षिविषय : ।।**

'શંખ, ચક્ર, ગજા અને વિમલ વનમાળા જેણે ધારણ કર્યા છે એવા સ્થિર કાંતિવાળા, લોકેશ્વર કૃષ્ણ મારી આંખો સામે પ્રગટ થાઓ !'


માતાના મનમાં કૃષ્ણની છબી રમી રહી. માતાની પ્રસન્નતાનો પાર ન રહ્યો. જેમ સ્તોત્ર બોલાતું ગયું તેમ કૃષ્ણાનું સ્વરૂપ વધારે ને વધારે પ્રત્યક્ષ થતું ગયું. ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કરતાં માતાએ દેહ છોડયો.

હવે માતાના શરીરને અગ્નિસંસ્કાર કરવાનો હતો. સંન્યાસી થઈને શ્રી શંકરે માતાના દેહનો અગ્નિસંસ્કાર કરે એ ન્યાતિલાઓને ગમ્યું નહિ, તેથી કોઈ જ તેમને મદદ કરવા આવ્યું નહિ. પણ શ્રી શંકર જડ રૂઢિ કે નિયમને વળગી રહેનારા નહોતા. તેમણે એકલાએ ઘર આગળ જ માતાની ચિતા રચી; પછી પોતાની યોગશક્તિથી અગ્નિ પ્રગટાવી, તેમણે માતાને અગ્નિદાહ દીધો. શ્રી શંકરને માતા પ્રત્યે આવી અપૂર્વ ભક્તિ હતી. તેમણે પોતાના ભાષ્યમાં માતાની વ્યાખ્યા આપતાં કહ્યું છે : પુત્ર પર સમ્યક્ અનુશાસન કરે તે માતા. એટલે કે માતા જ પુત્રની શ્રેષ્ઠ ગુરુ છે.'

ભારતની ત્રણ વાર પ્રદક્ષિણા કરી શ્રી શંકરે આધ્યાત્મિક દિગ્વિજય કર્યો હતો. તેમાં કાશ્મીરનો એક પ્રસંગ સૂચક છે. ત્યાં શારદા દેવીના મંદિરમાં એક સર્વજ્ઞપીઠ હતી. જે સર્વજ્ઞ હોય તે જ તેના પર બેસી શકે. અનેક વિદ્વાનોએ આ આસન પર બેસવાની કોશિશ કરી હતી, પણ કોઈ બેસી શક્યું નહોતું. ઉમેદવારે મંદિરમાં પ્રવેશતા પહેલાં અનેક પંડિતોની સાથે વાદમાં ઉતરવું પડતું અને એમાં એ હારી જતો એટલે પાછો ફરી જતો. શ્રી શંકર આ મંદિરમાં દર્શને આવ્યા ત્યારે અનેક સંપ્રદાયના વિદ્વાનોની સાથે એમને ચર્ચામાં ઊતરવું પડ્યું. તે બધાયના મનનું સમાધાન કરી તેણે અદ્વૈતનું સમર્થન કર્યું. તે પછી મંદિરનું દ્વાર ખૂલ્યું અને માતા શારદાદેવીએ પોતે જાહેર કર્યું કે સર્વજ્ઞપીઠ પર બેસવા માટે શ્રી શંકર અધિકારી છે ! શ્રી શંકર એ આસન પર બિરાજ્યા અને પંડિતોએ એમને જયજયકાર કર્યો. આજે પણ શ્રીનગરમાં એક હજાર ફૂટ ઊંચી 'શંકરાચાર્ય ટેકરી' પર શંકરાચાર્યનું મંદિર છે. તેમાં શ્રી શંકરના આ દિગ્વિજયની વાત કોતરેલી છે.

શ્રી શંકરે કાશ્મીરમાં 'સૌન્દર્યલહરી' નામે એક સુંદર સ્તોત્ર રચ્યું છે. તેમનાં બધાં સ્તોત્રમાં એ ઉત્તમ ગણાય છે. તેમાં દેવીના અદ્ભુત સ્વરૂપના વર્ણન સાથે શ્રી શંકર માતાજીના શ્રી ચક્રનું ગૂઢ રહસ્ય સમજાવે છે.


શ્રી શંકરે બદરીકેદારથી રામેશ્વર અને દ્વારકાથી જગન્નાથપુરી સુધી યાત્રા કરી. ધર્મમાં નવો પ્રાણ પૂર્યો




entice



englaze



ORIS



enGem

Tripper™

ELCG + MCB Combination
MCB's & DB's

KEW

LS IS

Authorised Distributors : L&T SWITCHGEAR SAFE & SURE

Shivam Kadakia
Mob.: 79774 73064 • 99301 25548

Nilesh Kadakia
Mob.: 98192 17375

# V.B.R. ELEC. & ENGG. CO.

27/33, Pathak Wadi, Ismail Bldg., Lohar Chawl, Mumbai-400002.
Tel.: 2208 7739 | 2206 2026 • Talk Free : *7724 • Email : v.b.r@mtnl.net.in • shivamkadakia71@gmail.com

અને તેમાં ઘૂસી ગયેલાં દૂષણોને દૂર કર્યા. ધાર્મિક એકતાના પ્રતીક તરીકે તેમણે પંચાયતન પૂજા પ્રચલિત કરી. આમાં આદિત્ય, અંબિકા, વિષ્ણુ, ગણપતિ અને શિવ એ પાંચ દેવોની સાથે ભક્તના ઈષ્ટદેવની પૂજા થાય છે. આમ ભક્તો માટે જે દ્વૈત કલ્પવામાં આવ્યું છે તે અદ્વૈત કરતાં પણ સુંદર છે.

બદરીનાથના મંદિરમાં તેમણે ભગવાન નારાયણની પ્રતિમા પધરાવી, તિરુપતિમાં ભગવાન વ્યંકટેશ્વરના મંદિરમાં ધનાકર્ષણ યંત્ર સ્થાપ્યું અને શ્રી રંગમ્‌ના શ્રી રંગનાથના મંદિરમાં જનાકર્ષણ યંત્ર સ્થાપ્યું. આજે તિરૂપતિ મંદિરને ધનની ખોટ નથી અને શ્રી રંગમ્‌ને ભક્તોની ખોટ નથી. ગુજરાતમાં સોમનાથ અને દ્વારકામાં પણ તેઓ પધાર્યા હતા. મૈસૂરમાં વૈષ્ણવોએ એમના મંદિરમાં શ્રી શંકરને દર્શન કરવા દેવાની ના પાડી. શ્રી શંકરે કેટલું કહ્યું કે શિવ અને વિષ્ણુ એક જ છે, ત્યારે વૈષ્ણવોએ મંદિરના દ્વાર ખોલ્યા. ત્યારે ચમત્કાર થયો. પ્રતિમા અડધી શિવ (हर) ની અને અડધી વિષ્ણુ (हरि) ની બની ગઈ હતી! મંદિર એકલા વિષ્ણુનું મટી હરિહરનું બની ગયું.

શ્રી શંકરે લોહીતરસી વિકરાળ દેવીઓને સ્થાને કલ્યાણમયી જગદંબાની પ્રતિમાઓની સ્થાપના કરી અને દેવી મંદિરોમાં શ્રી ચક્રની સ્થાપના કરી.

શ્રી શંકરાચાર્યે દેવદેવીઓની સ્તુતિનાં અસંખ્ય સ્તોત્રો રચ્યાં છે. તેમની ભાષા હિમાલયના પહાડી ઝરણા જેવી પારદર્શક છે અને મધુર મંજુલ રવ કરતી વહે છે, તેમનું 'દેવીઅપરાધક્ષમાપન સ્તોત્ર' ખૂબ જાણીતું છે. બાળક માતાની આગળ એવા સુંદર શબ્દોમાં પોતાના અપરાધની ક્ષમા માગે છે કે એ સાંભળી માતા એને વહાલથી ખોળામાં ખેંચ્યા વિના રહે જ નહિ. બાળક કહે છે : 'મા, હું નથી જાણતો મંત્ર, નથી જાણતો યંત્ર! સ્તુતિ કેમ કરવી તેય જાણતો નથી! નથી હું આવાહન જાણતો, નથી ધ્યાન જાણતો; હું નથી તારી મુદ્રા જાણતો, વિલાપ કેમ કરવો તેય જાણતો નથી. એક આટલું જાણું છું - તારો પાલવ પકડીને તારી પાછળ પાછળ ચાલવાનું! મને વિધિનું જ્ઞાન નથી, પૂજા કેમ કરવી તેનીય મને ખબર નથી; મારી પાસે ધન પણ નથી, વળી આળસનો ભરેલો છું એટલે તારી ચરણસેવા કરવી જોઈએ એવી કરી શકતો નથી. હે શિવા, હે મા, તું સૌનો ઉદ્ધાર કરવાવાળી છો. મને ક્ષમા કર! હું તારો કુપુત્ર છું. પુત્ર કુપુત્ર થાય, પણ માતા કદી કુમાતા થતી નથી.

શ્રી શંકરના 'આત્મબોધ' અને 'વિવેકચુડામણિ' જેવા ગ્રંથ પણ ખૂબ વંચાય છે. તેમણે પ્રાચીન સંન્યાસી - સંસ્થાને સુવ્યવસ્થિત કરી, દેશના જુદા જુદા ભાગોમાં મઠ સ્થાપ્યા, ને પોતાના પટ્ટશિષ્યોને તેના અધ્યક્ષ બનાવ્યા. આ અધ્યક્ષો પણ શંકરાચાર્ય નામે ઓળખાય છે, કારણ કે તેઓ શ્રી શંકરના પ્રતિનિધિઓ છે. આ મઠોમાં બદરીક્ષેત્ર, દ્વારકા, જગન્નાથપુરી અને કાંચીના મઠ મુખ્ય છે.

જીવનના છેલ્લા દિવસો શ્રી શંકરે કાંચીમાં વિતાવ્યા હતા. ત્યાં જ એમણે શરીરનો ત્યાગ કર્યો. ઈ.સ. ૮૨૦. તે વખતે તેમની ઉંમર માત્ર બત્રીસ વર્ષની હતી. ભારતની એ વિરલ વિભૂતિને પ્રણામ! ***


# Yoga By Bankim Parikh

ONLINE YOGA SESSIONS

CONNECT WITH YOUR SOUL

- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

Bankim : 9820434322
Shachi : 8097779825

RELEASE YOUR MIND AND BODY


KIRLOSKAR GREEN
IMPALA
Sintex
penta
HONDA
Captain
ESPA
BOSCH
PREMIUM
Falcon
Einhell
SHAKTI
HAVELLS
Rath Wolf
C.R.I. PUMPS
USHA
• Pumps • Motors • Generators • Engines
• Gear Boxes • High Pressure Cleaners
• Garage Equipments • Workshop Machinery
• Construction Machinery • Power Tools
• Blowers • Material Handling • Tanks • Fans
nipa®
nipa commercial corporation
Plot No. 105/24, Sector 23, Janata Market Turbhe, Navi Mumbai - 400 705. INDIA. TEL.: 91 22 27832099 Fax: 27832063 Cell: 09820130161
Tel.: 41517474 (30 Lines) Fax.: 41517471 / 72 Email: info@nipa.asia Cell: 09820130161
Branches at : ANDHERI & KALBADEVI

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

**SHREE BALASINOR NAVYUVAK SANGH**

SHREE MOHANLAL SANKERLAL SHAH (ZAT) SABHAGRUHA

118/120, ARDESHAR DADI STREET, 2ND FLOOR, V. P. ROAD, MUMBAI-400 004. • TEL.: 2388 7006

# NOTICE OF 72nd ANNUAL GENERAL MEETING

Date - 20/4/2022

To,
All Members,

Notice is hereby given that 72nd Annual Meeting of Shree Balasinor Navyuvak Sangh will be held under the Presidentship of Shri Saumil Jitendra Mody on Sunday 26th June 2022 at 5.00 P.M at Smt Subhadraben Navinchandra Shah Sabhagruh (Pragati Samaj Office) 45/49 Babu Genu Road, Mumbai 400002 to transact the following Business on the agenda.

## AGENDA FOR THE MEETING

1. To read, confirm and approve the minutes of the 71th Annual General Meeting held on 29th August 2021.
2. To receive, consider and adopt the managing committee report for the year 2020-2021.
3. To receive, consider and adopt the audited Accounts of the Sangh for the year ended 31st March 2022.
4. To appoint the Auditor for the year 2022-2023 and fix his remuneration.
5. To announce the result of the election of President and members of the managing committee for the year 2022-2027 and to consider suggestion if any from the election commissioner.
6. Any other matter from the desk of President.
7. President Address

**NOTES**

1) If the meeting is adjourned for the want of Quorum the same will be held on the same day at the same place after half an hour of the appointed time and the adjourned meeting will transact the business on the agenda, irrespective of whether there is Quorum or not.
2) All Members are requested to be present for the meeting on time.

**Hon Secretary**

**Bhavesh Bipin Modi**
**(Thasrawala)**

**Kunal Dharia**
**+91 98209 22411**

**Asit Dharia**
**+91 98200 39305**

# norisys®



Electrical switchgear designed for perfection from the pioneer of modular switches in India. Each day Norisys engineers work to bring about a combination of innovative designs and materials in order to create products that are best suited to meet users requirements.

**Authorised Distributors:**

## DEEPAK ELECTRIC CORPORATION

156, Lohar Chawl, Mumbai - 400 002.
Tel. : 022 - 2206 6539 | 2206 4839 | 2206 6745
Talkfree : *7777 | *3177 | 8530981229
Email: norisysmumbai@gmail.com | deepaknw@gmail.com

**Pankil Dharia**
**+91 98200 44351**

**Nishith Dharia**
**+91 98200 89657**

*Official Distributor of*

Schneider Electric | SELEC® Creating Best Value

## SENTINEL ELECTRIC CO.

Mumbai Branch : Lawyers Chamber, 24, R.C. Mama Path, Lohar Chawl, Mumbai - 400 002.
Telefax : 022 - 2206 3528 | 2205 3536 | 2208 5915 | 2203 0555
Talkfree : *7365 | *7366 | 96194 57730
Email: sentinel.mumbai@gmail.com | Website : **www.sentinelelectricco.com**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પુરસ્કૃત
## શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) આયોજિત
## શ્રીમતી મંજુલાબેન રજનીકાંત શાહ (નગરશેઠ) સહ આયોજિત
# નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનામાં નોટબુક આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે તે અંગેના નવા **અરજીપત્રકો તા. ૧૫-૫-૨૦૨૨** સુધી નીચે જણાવેલ સ્થળ પર સંપૂર્ણ વિગતો સાથે ભરીને પહોંચતા કરવા.

**નોટબુક રાહત યોજનાનું વિતરણ રવિવાર, તા. ૫-૬-૨૦૨૨ ના રોજ નીચે જણાવેલ સ્થળ પર**
**સમય : સવારે ૧૦.૦૦ કલાક થી બપોર ૧૨.૦૦ કલાક સુધી થશે.**

**અરજીપત્રકો તથા વિતરણનું સ્થળ : દર્શન હરીશ પરીખ** – દીવીજ એન્ટપ્રાઈઝીસ, દુકાન નંબર-F, ન્યુ જવાહર મેન્શન, સીતારામ પોદાર માર્ગ, ૧લી ફણસવાડી, મુંબઈ - ૪૦૦ ૦૦૨. **મોબાઈલ - ૯૯૨૦૪૦૨૦૨૨**

**મંત્રી** — **શ્રી ભાવેશ બીપીન મોદી**
**સંયોજક** — **શ્રી દર્શન હરીશ પરીખ**

---

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી મનોજભાઈ / શ્રી અમરીશભાઈ કચેરીયા સૌજન્ય
# કન્સેશનલ રેટ નોટબુક યોજના

ગત વર્ષ મુજબ આ વર્ષે આપ સૌની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને બજારની કિંમત કરતા સસ્તા દરે નોટબુક વેચાણ હાથ ધરેલ છે. એ-૪, સાઈઝની નોટબુકનું વેચાણ તા. ૫-૬-૨૦૨૨ થી ૮-૬-૨૦૨૨ સુધી સમય સવારે ૧૦.૩૦ કલાક થી બપોરે ૧૨.૩૦ કલાક સુધી નીચે જણાવેલ સ્થળ પરથી મળશે.

**ખાસ નોંધ : નોટબુક હશે ત્યાં સુધી મળશે. (એક ડઝનની નોટબુકની મૂળ કિંમત રૂપિયા ૨૫૦/- રહેશે.)**

**મુંબઈ વિભાગ : દર્શન હરીશ પરીખ** – દીવીજ એન્ટપ્રાઈઝીસ, દુકાન નંબર-F, ન્યુ જવાહર મેન્શન, સીતારામ પોદાર માર્ગ, ૧લી ફણસવાડી, મુંબઈ - ૪૦૦ ૦૦૨. **મોબાઈલ - ૯૯૨૦૪૦૨૦૨૨**

**ઉપનગર વિભાગ :**
**શ્રી વસંત નટવરલાલ દેસાઈ (કાંદિવલી) – ૯૮૨૧૦૫૪૩૨૯**
**શ્રી હેમન્દ્ર રમણલાલ શાહ (બોરીવલી) – ૯૮૨૦૦૧૧૫૮૬**
**શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી (અંધેરી) – ૯૮૧૯૩૪૨૮૫૬**
**શ્રી કમલેશ ચંદ્રકાન્ત દોશી (મલાડ) – ૯૦૦૪૬૨૧૦૬૨**

**નોંધ : ગત વર્ષની માર્કશીટની નકલ અથવા હૉલ ટિકીટ સાથે લાવવી ફરજીયાત છે. તે સિવાય નોટબુકો આપવામાં નહીં આવે.**

**મંત્રી** — **શ્રી ભાવેશ બીપીન મોદી**
**સંયોજક** — **શ્રી દર્શન હરીશ પરીખ**

|| Jay Jay Shree Gokulesh ||

**Atul Kadakia**
**98193 48001 / 70210 44631**

**Nihar Kadakia**
**98330 36101 / 83692 44852**

**FLAT 18% OFF**

# LYFE MEDICO

## CHEMIST & DRUGGIST

REACH US FOR
BABY PRODUCTS, SURGICAL ITEMS, AYURVEDIC & GENERIC MEDICINES, NUTRITION SUPPLEMENTS, DIABETIC MONITORS, BP MONITORS ETC.

WE ACCEPT & PAYMENT THROUGH

G Pay paytm

FREE HOME DELIVERY

**Address :**
**7, Narayan Wadi, 86-88 B, Khadilkar Road, Mumbai - 400 004 - Phone : 022 67470086**
**Email : lyfemedico@gmail.com**

# ફગવો

**કૃષ્ણ એટલે આકર્ષણ તેમ બાલાસિનોરવાળા માટે ફગવો એટલે આકર્ષણ**

જ્યારથી ફગવા ઉત્સવના પડઘમ વાગવાનાં શરૂ થયા ત્યારથી બાલાસિનોરવાસીના ઘરઘરમાં ચહલપહલ શરૂ થઈ ગઈ. ટિકીટોના આગોતરા બુકિંગ થવા લાગ્યા. કોનો સંગાથ છે? ક્યારે જવાના અને ક્યારે પહોંચવાના? કેટલા દિવસના પ્રોગ્રામ બનાવો છો? વગેરે વાતોના તડાકા, લોકોમાં અદમ્ય ઉત્સાહ અને જોશ ભરતા હતા.

કોરોના કાળના કાળા કપરા કાળને ગળી જવા સૌએ હિંમત એકઠી કરી લીધી હતી. મને કંઈ નથી થવાનું, બધું જ બરાબર ચાલે છે જેવા ગામવાસીઓના સંદેશા મુંબઈગરાને હિંમત આપતા હતા. મુંબઈની શેઠાણીઓને મળવાનો ગજબનો ઉત્સાહ બાલાસિનોરની લોકલ પ્રજાને હતો. લોકલ - વોકલ - મોકલ નો રંગ જામ્યો હતો.

બાલાસિનોર સ્થિત શ્રી ગોકુલનાથજી મંદિરના ફગવા ઉત્સવને વધાવવા ચારેકોર તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. આ વર્ષના ફગવા ઉત્સવના મનોરથી એટલે શ્રીમતી કલાવતીબેન રમણલાલ ધારીઆ (શહેરાવાળા). મુંબઈથી અંદાજીત ૧૨૦૦ વૈષ્ણવો ફગવા ઉત્સવ માટે પધાર્યા હતા. સિધ્ધનાથ પાર્ટી પ્લોટને નવી નવેલી દુલ્હનની જેમ શણગારવામાં આવ્યો હતો, જેમાં તમામ વ્યવસ્થા ઉપલબ્ધ હતી. સવારનો નાસ્તો, બપોરનું ભોજન અને રાત્રીનું ભોજન. અહીંની સુંદર વ્યવસ્થાએ લોકોનો દિલ જીતી લીધા હતા.

તા. ૧૦-૩-૨૦૨૨ ના રોજ મનોરથીશ્રીના નિવાસસ્થાને કીર્તનીયા અને રસિયાનું સુંદર આયોજન કરાયું હતું. ધરિયાવાળના વિશાળ પ્રાંગણને સંપૂર્ણ સજાવટ કરી રૂડો મંડપ ઉભો કરાયો હતો. દરવાજાની વિશાળ સુશોભીત કમાન લોકોને આવકારાતી હતી. ૮૦૦ થી ૧૦૦૦ વૈષ્ણવો સજીધજીને કિર્તનીયાનો લાભ લેવા પધાર્યા હતા. કિર્તનીયાના સૂર તાલની હેલીમાં ઘરના અને સમાજના લોકોના હૈયે અપાર આનંદ રેલાયો હતો. ગીત-સંગીત-નૃત્યનો ત્રિવેણી સંગમ અહીં દ્રષ્ટીગોચર થતો હતો. અંતમાં સર્વેને બુંદીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

તે દિવસે રાત્રે સિધ્ધનાથ પાર્ટી પ્લોટના ભવ્ય શામિયાણામાં ગરબા રાસનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. એક એક થી એક એક ચઢીયાતા ગરબાની સુરાવલીએ ખેલૈયાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તાળીઓની રમઝટ, ગરબે ઘુમતી ગોરીઓના સુંદર સાજ શણગાર, મીઠી મધુરી હિંચ, અંગ-ભંગીમા સોળે કળાએ ખીલેલું દેહલાલીત્ય ગરબાના આ કાર્યક્રમને ચાર ચાંદ લગાવતા હતા.

નાના મોટા યુવક યુવતીઓનો કલશોર ઢોલ - શરણાઈ વાંજીત્રો સાથે ઝુમતો, ઘુમતો, ગરબે ઘુમતો, ફરરરર ફુદડી ફરતો આસમાની બુલંદી સાથે પ્રેશકોના દિલ ડોલાવતો હતો. ૧૨૦૦ વૈષ્ણવોએ ગરબા રાસનો અનેરો આનંદ લીધો હતો. લાઈવ ઢોસા તથા વિવિધ ફાસ્ટ ફુડની રંગતે લોકો મસ્તીના મૂડમાં આનંદભેર મિજબાની આરોગતા હતા. સાથે ઠંડા ઠંડા કુલ કુલ આઈસ્ક્રીમની લહેજત લોકોએ માણી હતી.

બે વર્ષની તપસ્યા બાદ જે દિવસની કાગડોળે રાહ જોવાતી હતી તે દિવસ આજે આવી પહોંચ્યો એટલે તા.

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**


## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO







BRASS CABLE GLANDS

LAUG AND TOOLS

૧૧-૩-૨૦૨૨. સમગ્ર બાલાસિનોરમાં આજે આનંદનો જુવાળ ઉમટયો હતો. સુંદર વસ્ત્રો પરીધાન કરીને લોકો ગોકુલનાથજી મંદિરની વાટ પકડતા હતા. ઢોલ-પખાજ-મંજીરાની મંડળી, બેંડવાજાની ફુલગુલાબી શ્રૃંખલા, ઠાકોરજીની પાલખીનો વૈભવ, ઠેર ઠેર ઠાકોરજીનો જય ઘોષ, સખી મડંળી અને બહેનોના રાસ ગરબાની સુંદરતમ શોભા યાત્રા ગોઠવાઈ હતી. સવારે ૧૦.૦૦ કલાકે ઠાકોરજીની આ શોભાયાત્રા નિજ મંદિરથી શરૂ થઈ હતી. નાચતા ગાતા આનંદ કરતા લોકો સાથે સમગ્ર શોભાયાત્રા ફગવે પહોંચી હતી. ફગવા ઉત્સવની આ ઉજવણી વિશાળ મંડપો, શામિયાણાથી શોભાયમાન બની હતી. આ દિવસે લગભગ ૧૫૦૦ વૈષ્ણવોએ પ્રસાદનો લાભ લીધો હતો. લોકોના ચહેરા એક બીજાને મળ્યાથી આનંદ વિભોર થઈ ગયા હતા. લોકોમાં ગજબનો ઉત્સાહ નજરે પડતો હતો. સુંદર વ્યવસ્થાઓ આખા ફગવે નજરે પડતી હતી. ભવ્ય સુંદર મોટા શામિયાણા, પ્રસાદ માટેની તૈયારી બધું જ આયોજનબધ્ધ વર્તાઈ રહ્યું હતું. અબિલ ગુલાલની છોળો સાથે ખેલના દર્શન થયા હતા. મન મૂકીને લોકોએ રસીયા ગાયા હતા. સાંજના ૫.૦૦ વાગે ફગવાથી ઠાકોરજી નિજ મંદિર પાછા પધારવા શોભાયાત્રા નિકળી હતી. અબિલ, ગુલાલ, ઢોલ, નગારા, નાચ-ગાન, ફટાકડા ના ઉચ્ચતમ આનંદ સાથે આ ઉત્સવ ઉજવાયો હતો. નિજ મંદિરે પહોંચ્યા બાદ વિધિવત રીતે ઠાકોરજીને વધાવીને વૈષ્ણવોએ મંદિરમાં ઠાકોરજીની પાલખીની પ્રદક્ષિણા કરી હતી. ઠાકોરજીના જય જયકાર સાથે આ ભવ્યાતી ભવ્ય ફગવો આવતા વર્ષની રાહ જોતો સર્વે વૈષ્ણવો એકબીજાને મળીને, ભેટીને ઘરે પાછા પહોંચ્યા હતા.




NIRAV
Photo Arts

- HD VIDEO SHOOTING - PHOTOGRAPHY
- DESIGNER ALBUM • ONLINE VISION MIXING
- CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
- STUDIO SETUP • VIDEO HIGHLIGHT
- NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
- PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
- CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

# Dr. Rita Gandhi

Holistic Wings
**- Mind Body & Soul**

Reach out to me for personal consultations and group lectures on Natural Lifestyle for your robust health.

***Also expertise in***

- **Nutritional Counselling**
- **Alternate Therapy**
- **Health & Wellness Talks**
- **Oil/Fat Free Herbal/Vegan/Vegetarian Cooking Classes**
- **Healing with Colours, Chakras and Grahas**
- **Reiki Grand Master**
- **Ramal Shastra Astrologer**

Healed many people of their health aliments with Natural Lifestyle changes.

***Connect for more details :***

**Mobile No. : +91 9987390705**
**Email : rmgandhi54@gmail.com**

**Consultation with prior appointment**


AUTHORISED DISTRIBUTOR
ABB
TEKNIC
ESSEN
socomec
Innovative Power Solutions
ELMEASURE
elmex
SCI
ABB
elmex
ESSEN
ELMEASURE
socomec
SCI
TEKNIC
R.K. Engineering Pvt. Ltd.
( Formerly known as R. K. Trading Co. )
www.rkepl.co.in
Corporate Office:
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36
Registered Office:
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663
Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

# ભૂખ્યાનું પેટ ભરો

- નવનીતલાલ સી. પરીખ (સરકાર)

તીર્થધામ જગન્નાથપુરીના બાજુના ગામમાં એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. તેનો એક નિયમ કે દર વરસે એકવાર ચાલતાં ચાલતાં ભગવાનનાં દર્શન કરવાં જવું. તેજ ગામમાં એક શેઠીયો પણ રહે. એક દિવસ તે શેઠીયો તે બ્રાહ્મણને બોલાવીને એક સો રૂપિયા ભગવાનને ભેટ કરવા આપ્યા. તે જમાનામાં બસો વિ. ની કોઈ સુવીધા ન હોવાથી તે બ્રાહ્મણ ચાલતાં ચાલતાં જગન્નાથ જવા નિકળ્યો. ચાલતાં ચાલતાં રસ્તામાં જ્યાં રાત પડે ત્યાં પેલો બ્રાહ્મણ રાતવાસો કરે.

બિજે દિવસે સવારમાં ઉઠીને તે ગામના ગરીબ, લૂલા, લંગડા, આંધળા વિ. ભૂખ્યાઓને રોજ પૂરી-શાક ખવડાવતો. આમ કરતાં આઠ દિવસે તે જગન્નાથ પહોંચ્યો. ત્યારે તેની પાસે પેલા ૧૦૦ રૂપિયામાંથી રૂા. ૮૦ પુરી શાકમાં ગયા. બાકી રહેલા રૂપિયા ૨૦ જગન્નાથ ભગવાનના ચરણમાં ધરી દીધા.

તે જ દિવસે રાત્રે ભગવાને પેલા શેઠિયાને સ્વપ્નમાં કહ્યું કે,'વીસ રૂપિયા ઓછા મોકલ્યા?' આમ કહીને ભગવાન અંતધ્યાન થઈ ગયા.

શેઠને નવાઈ લાગી. જ્યારે તે બ્રાહ્મણ પોતાને ગામ પાછો આવ્યો ત્યારે તે શેઠીયાએ તે બ્રાહ્મણને બોલાવ્યો અને કહ્યું, 'ભાઈ! માગ્યા હોત તો વીસ રૂપિયા ન આપત? તેં ભગવાનમાં ઓછા મૂક્યા?'

સાંભળીને બ્રાહ્મણ છક્કડ ખાઈ ગયો. મેં વીસ ઓછા નહીં માત્ર વીસ જ રૂપીયા ભેટ કર્યા છે તેને શેઠને કહ્યું. શેઠ વીસ ઓછા નહીં માત્ર વીસ જ મૂક્યા છે અને ૮૦ રૂપિયાનો ગામેગામ ભૂખ્યાને પૂરી-શાકનું ખાવા ખવડાવ્યું છે તે પૂરી શાકના રૂા. ૮૦/- ભગવાનને હાથમાં પ્રેમથી ઝીલ્યા અને ચરણમાં મૂકેલા રૂા. ૨૦ સામે તો ભગવાને નજર પણ ના કરી..

એક લાખ - દસ લાખ કે મોહનથાળની થાળી કરતાં ભૂખ્યાનું પેટ ઠરે તેનાથી શ્રી ઠાકોરજીની આંતરડી ખીલી ઉઠે છે. માટે ભૂખ્યાનું પેટ ભરજો... આ શ્રેષ્ઠા દાન છે.

આજ વાત મારે ભારતના બે મહાન સંતોના દોહા જુઓ

**'કબીર કહે કમાલકો દો બાતા શીખ લે!**
**કરી સાહેબકી બંદગી ઓખ ભૂખ્ખો કુછ દે...'**

GGG

**'તુલસી જગમેં આયકે કરલીજે દો કામ!**
**દેનેકો ટુકડા ભલા અરૂ લેનો કો હરિ નામ!'**

બધું જ કરજો પણ ભૂખ્યાનું પેટ ભરવાનું ભૂલશો નહી.

# ગત અંકમાં ઉદાર - દિલ દાતાઓનો ટૂંકમાં પરિચયમાં સુધારો



**દાતા શ્રીનું નામ :**

**મૃદુલાબેન રમેશચંદ્ર ધારીયા (શહેરાવાળા)**

**હસ્તે - શ્રીમતી પ્રીતિબેન, શ્રીમતી નીતાબેન, શ્રીમતી અમીબેન ધારીયા**

**મહિલા વિભાગ**

**રૂા. ૧૧,૦૦,૦૦૦/-**

શ્રીમતી મૃદુલાબેન રમેશચંદ્ર ધારીયાનો જન્મ ૨૭ ફેબ્રુઆરી ૧૯૩૭ ના રોજ શ્રીમતી તારાબેન રમણલાલ શાહ (સુરતવાલા)ના ઘરે જ્યેષ્ઠ સંતાન તરીકે થયો હતો. તેઓ શ્રી રમેશચંદ્ર રમણલાલ ધારીઆ સાથે લગ્નગ્રંથિ થી જોડાયા અને તેમના ત્રણ પુત્રો એટલે અમીત રમેશચંદ્ર ધારીયા, જીજ્ઞેશ રમેશચંદ્ર ધારીયા તથા હિતેશ રમેશચંદ્ર ધારીયા. માટુંગાથી શરૂ થયેલો તેમનો ઘરસંસાર ખેતવાડી થી લઈને નવયુગ નગરમાં પૂરો થયો. ૧૯૯૬માં પતિની છત્રછાયા ગુમાવ્યા બાદ ૨૦૨૦માં શ્રીજીચરણ પામ્યા ત્યાં સુધી તેઓ એક ઉમદા જીવન જીવ્યા. સાલસ સ્વભાવના મૃદુલાબેનનો પરિચય આપવો એક અઘરું કાર્ય છે. તેમના મૃત્યુ બાદ પણ તેઓ તેમના કુટુંબીજનો પર એક અમીટ છાપ છોડીને ગયા છે.

Mr. BHARAT K. DOSHI
98210 27136

BHS

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

"Leads you to The Quality Era"

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin / Square D / Telemecanique — CONZERV Smart Energy Management — MEHER — LEIPOLD — CLIPSAL — DIGILINK — APC by Schneider Electric — LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

# જાણો શું છે સરકારની સેમીકન્ડક્ટર યોજના, તેનાથી સર્જાશે ૧.૩૫ લાખ નોકરીની તકો

- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

હાલ સ્થાનિક બજારમાં ભારત સેમિકન્ડક્ટર્સનું ઉત્પાદન જરૂરિયાત પ્રમાણે કરી રહ્યું નથી. જરૂરિયાતને પહોંચી વળવા માટે આપણે તેની આયાત કરીએ છીએ. જે હાલની આયાત US 24 બિલિયન ડોલરથી વધીને વર્ષ ૨૦૨૫ સુધીમાં US 100 બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. આજે સ્માર્ટફોન, લેપટોપ, ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ અને IOT ડિવાઈસના ઝડપથી વધી રહેલા ઉપયોગના કારણે વિદેશી હૂંડિયામણ ભયજનક સ્તરે પહોંચશે એમ લાગે છે.

સેમિકન્ડક્ટર્સનો ઈતિહાસ કહે છે કે ૧૭૮૨માં એલેસાન્ડ્રો વોલ્ટા દ્વારા પ્રથમ વખત 'સેમિકન્ડક્ટિંગ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

માઈકલ ફેરાડે ૧૮૩૩ માં સેમિકન્ડક્ટર અસરનું નિરીક્ષણ કરનાર પ્રથમ વ્યક્તિ હતા. ફેરાડેએ નોંધ્યું હતું કે ચાંદીના સલ્ફાઈડનું વિદ્યુત પ્રતિકાર તાપમાનમાં ઘટાડો કરે છે. ૧૮૭૪માં કાર્લ બ્રૌને શોધ્યું અને પ્રથમ સેમિકન્ડક્ટર ડાયોડ પ્રોગ્રામનું દસ્તાવેજીકરણ કર્યું હતું. ત્યારે બ્રૌને નોંધ્યું હતું કે મેટલ બિંદુ અને ગેલિના સ્ફટિક વચ્ચેના સંપર્કમાં વર્તમાનમાં માત્ર એક જ દિશામાં મુક્તપણે વહે છે.

૧૯૦૧માં પ્રથમ પ્રાથમિક સેમિકન્ડક્ટર ઉપકરણને 'બિલાડી વ્હિસ્કર' તરીકે ઓળખાતું હતું. જગદીશચંદ્ર બોઝ દ્વારા આ ઉપકરણની શોધ થઈ હતી. કેટ વ્હિસ્કીરો એ રેડિયો તરંગો શોધવા માટે ઉપયોગમાં લેવાતા એક સર્કિક્ટક્ટર રેક્ટર હતા.

એક ટ્રાન્ઝિસ્ટર એ સેમિકન્ડક્ટર સામગ્રીનું બનેલું ઉપકરણ છે. જ્હોન બાર્ડિન, વોલ્ટર બ્રેટ્ટન અને વિલિયમ શોકલીએ તમામ બેલ લેબ્સ ખાતે ૧૯૪૭ માં ટ્રાન્ઝિસ્ટરની સહ-શોધ કરી હતી.

વૈશ્વક મહામારી કોરોના વાયરસના કારણે લોકડાઉનની સ્થિતિમાં સ્થાનિક ઉત્પાદનની આવશ્યકતા ઉજાગર કરી હતી કારણ કે ઈલેક્ટ્રોનિક્સની માંગમાં ઝડપી વધારો થવાના કારણે વૈશ્વિક સ્તરે ચિપ્સની અછત ઊભી થઈ હતી. ભારત પણ ચિપ્સની અછતમાં ઝુઝી રહ્યું હતું. ભારત સરકારે પણ જાહેરાત એવા સમયે કરી છે, જ્યારે વિશ્વ હજુ આ તંગી સામે ઝઝૂમી રહ્યું છે.

સરકાર તાઈવાન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપની, ઈન્ટેલ, એએમડી, યુનાઈટેડ માઈક્રો ઈલેક્ટ્રોનિક્સ કોર્પ અને ફુજીત્સુ જેવી ટોચની કંપનીઓ સાથે વાતચીત કરી રહી છે. ભારતમાં ટાટા ગ્રુપ અને અનિલ અગ્રવાલની વેદાંતાએ સેમિકન્ડક્ટરમાં તેમની રૂચિ જણાવી હતી.

સરકારે જણાવ્યું કે, સિલિકોન સેમિકન્ડક્ટર ફેબ્સ, ડિસ્પ્લે ફેબ્સ, કમ્પાઉન્ડ સેમિકન્ડક્ટર્સ, સિલિકોન ફોટોનિક્સ, સેન્સર ફેબ્સ, સેમિકન્ડક્ટર પેકેજિંગ અને સેમિકન્ડક્ટર ડિઝાઈન સાથે સંકળાયેલી કંપનીઓ માટે પ્રોત્સાહનો સાથે આ વેપાર માટે તૈયાર કરવામાં આવ્યા છે. આજનો આ ઐતિહાસિક નિર્ણય ડિઝાઈન, ફેબ્રિકેશન, પેકેજિંગ અને પરીક્ષણથી લઈને સંપૂર્ણ સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમના વિકાસને વેગ આપશે.

સરકારને આશા છે કે આગામી ૪ વર્ષમાં લગભગ ૧.૩૫ લાખ નોકરીઓનું સર્જન થશે. અને આગળ જણાવ્યું કે હાલ દેશમાં ઈલેક્ટ્રોનિક ઉત્પાદન લગભગ US ૭૫ બિલિયન ડોલર છે, જે આગામી ૫ વર્ષમાં વધીને US ૨૫૦ બિલિયન ડોલર થવાની ધારણા છે. લોકલ સોર્સિંગ દ્વારા આપણે US ૩૦૦ બિલિયન ડોલર સુધી પહોંચી શકીએ છીએ.


SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
022 - 2201 7283
info@shahent.co.in
www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920
Lohar Chawl Talk Free Extension – *743
Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy
Solar PV Fuse
Time Delay Fuse
Midget Fast-Acting Fuse
UltraSafe™ FuseHolder
Protistor fuse (all sizes)
BS Semiconductor fuse
Semiconductor
SPDs
D-Link®
Building Networks for People
CAT5E
CAT6
CAT6A

# શ્રદ્ધા કે શંકા

- ડૉ. કુમુદ પ્રમોદ ધારિયા (લાલખા)

મારે શું કરવું ? એ પ્રશ્નો સૌથી વિકટ છે. યુવાનીમાં ભણતરની ચુનોતી, કાર્યક્ષેત્રની ચુનોતી, મોટી ઉંમરે આ બધુ સમેટવાની ચુનોતી. ઈચ્છા હોય, સંકલ્પ હોય, આવડત હોય પરંતુ નિર્ણય લેવો અઘરો પડે કારણ કે પરિસ્થિતિઓ મુંઝવણ ભરી હોય છે. દોડવું છે, ઘણાં રસ્તા છે પણ કયો રસ્તો લેવો એ સમજાતું નથી. કદાચ ન સમજવાનું કારણ એ પણ હોઈ શકે કે આપણને આપણાં નિર્ણયો પર શ્રદ્ધા નથી અથવા તો આપણા નસીબ પર શંકા છે. લેવાયેલો નિર્ણય હકીકતમાં સિધ્ધ થશે એ ડર છે અને ડરનું કારણ જીંદગીની વાસ્તવિકતા ને અનુલક્ષીને હોય છે. પારિવારિક જવાબદારીઓને જોખમમાં તો ન જ નખાય અને આ ડર, આવા વિચારો સ્વાભાવિક છે અને કરવા પણ જોઈએ. આપણા પ્રયત્નો તો ચારે બાજુનો વિચાર કરીને જ નિર્ણય લેવા માટેના હોય.

પરંતુ માણસનું દુર્ભાગ્ય છે કે વાસ્વિકતાનો સ્વીકાર આસાનીથી નથી કરી શકતો. શબ્દો દ્વારા ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાની વાત કરી એમ બોલીને મનને મનાવે છે કે :- 'મેં તો બધું સમજી વિચારીને નિર્ણય લીધો છે. આગળ ઈશ્વરની મરજી. જે થશે તે મારા માટે સારું જ થશે.' શબ્દો અને વિચારો એક બીજાની સાથે હોય છે, પરતું ઈશ્વર પરની અડગ નિસ્વાર્થ શ્રદ્ધાનો અભાવ હોય છે. શ્રદ્ધા અને શંકા મન-હૃદયનાં ખૂણાઓ પર એક સાથે કબજો જમાવી લે છે. આખરે પરિણામ તો જે આવવાનું હશે એ જ આવશે. એને સ્વીકારવું પણ પડશે એ આપણી સમજણ છે જ : તો પણ પરિણામ ન આવે ત્યાં સુધી મન અસ્વસ્થ જ રહે છે કારણ કે ઈશ્વર પરની શ્રદ્ધા કરતાં આપણી શંકા પર શ્રદ્ધાનું જોર વધી જાય છે. જોઈતું થાય તો ઉમંગ અને વિપરિત થાય તો નિરાશા ! તાત્પર્ય એ જ કે પોતાને યોગ્ય લાગતો નિર્ણય લેવો એ એકમાત્ર વાસ્તવિકતા છે કારણ કે આપણો નિર્ણય આપણા તથ્યો : આપણી વાસ્તવિક હકીકતોનો આધાર પર લીધેલો હોય છે. શું થશે એ મૂંઝવણ ભરી ગણત્રી મિથ્યા છે. બીજી ક્ષણે શું થશે એનાથી આપણે અજ્ઞાત છીએ.

આનાથી પણ વિકટ તો 'પરિસ્થિતિનો સ્વીકાર' કરી લેવો એ વિચારધારા છે અને જ્યારે સ્વીકાર કરવાનો જ છે તો ઉમંગ કે લાચારીથી ન કરતાં સંતોષથી જ કરી શકીએ તો દર્દની માત્રા આપણને ધ્રુજાવી ન દે. આનંદ તો ખૂલી ને માણવા દે પરંતુ ન જોઈતું પરિણામ આવ્યું તો દર્દ જીવવા ન દે. તેથી જાતને કહેવાની : મનને સમજાવવાની રીત પર કાબુ મેળવી લેવાની ટેવ પાડવાથી પરિસ્થિતિનો સામનો કરવાનું કદાચ થોડું સહજ થઈ શકશે. હું માનું છું કે : બોલવાનું કે સલાહ આપવાનું સહેલું છે પરંતુ હકીકતને અપનાવવી અઘરી છે ! પરંતુ એ પણ માની લેવાનું એટલું જ મહત્વનું છે કે : જે થયું અને જે થશે એ નક્કર છે, હકીકત છે, એ કુદરતનું કરવું છે. મારી પાસે કોઈ બીજો રસ્તો નથી. તેથી મારે એને શિરોમાન્ય ગણવાનું જ છે. એ વંદનીય છે એમ માની અપનાવવાનું જ છે...તો ભલું જાતને સમજાવવામાં જ છે. ઈશ્વર તત્ત્વને નમન સાથે કહેવામાં જ છે કે :-

'પ્રભુ ગમે તે પરિણામ આવવા દો, જે થવાનું હશે તે થવા દો, બનવા દો, હું એનો સ્વીકાર કરી શકું એ સામર્થ્ય કેળવી શકું, મેં ભલે ગમે તેટલા પ્રયત્નો કર્યા અને ગમતું પરિણામ ઈચ્છયું : પણ હવે જે હકીકતમાં થાય છે એ હું સ્વીકારું છું. માથે લઉં છું. પુજું છું. જે થાય તે જ ખરું. એ જ મારો ધર્મ, એ જ મારી ફરજ, એ જ મારું ધ્યેય. બીજાં સ્વપ્નો નહિ, બીજી કલ્પના નહિ, બીજા તરંગો નહિ, જે કંઈ થશે એ મને માન્ય છે કારણ કે એમાં હું શ્રી પ્રભુ તમારો હાથ જોઉં છું. એટલે આનંદ સાથે, ગૌરવ સાથે, શ્રદ્ધા સાથે ફરી ફરી જાતને કહેવાનું શિક્ષણ પ્રાપ્ત કરવું છે. મનને મક્કમતાથી મક્કમ કરવું છે, માની લેવું છે જે થાય તે ખરું, એ જ મુદ્રાલેખ, એ જ સૂત્ર, એ જ જીવનમંત્ર એ જ વિચારધારાને અપનાવી જીવી શકું. જીવના ખરા અર્થને સમજી શકું. દ્રઢતાથી અને શ્રદ્ધાથી નિર્ણયો લઈ શકું, હું ક્યારેય લાચારીથી, ઉદાસિનતાથી ને હતાશાથી નહિં બોલું કે વિચારું.

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યકત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક – એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

**સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.**

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

શો-રૂમ : શૉપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ એકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫

ઈશ્વર તત્ત્વ પરની શ્રધ્ધા-વિશ્વાસ ને જ હું માનીશ અને અડગ રહીશ! અઘરું છે પણ કોશિષો કરીશ. આ વિચારધારા જીવનની ઘટમાળ સાથે ગુંથાઈ જાય તો માનસિક સ્વસ્થતાનો નિસંદેહ ટકી જ રહે અને જેનું મન સ્વસ્થ એનું તન સ્વસ્થ.

આ વિચારધારા સાથે મેળ ખાતો એક સરસ દાખલો છે. મારે મુંબઈ જવું છે. હું હવાઈ જહાજની ટીકીટ બુક કરાવું છું. મને જરા જેટલી પણ ચિંતા નથી કે નથી મને કોઈ નકારાત્મક વિચારો આવતા. પ્લેન ટેક-ઓફ કરે છે. આકાશમાં ઉડતું રહી મુંબઈ લેન્ડ કરે છે. યાત્રા દરમ્યાન મેં તો મજાથી ખાધું-પીધું અને ઊંઘી પણ ગઈ. આ શાને કારણે ? ન તો પાયલટને જોયો છે કે ન તો એનું નામ જાણ્યું છે. મને જરાક જેટલી શંકા નથી આવી કે આગળ શું થશે ! અજાણ પાયલટ પર મેં તો વિશ્વાસ રાખ્યો છે. પ્લેનમાં બેઠી છું. મારે માટે તો પાયલટ અદ્રશ્ય જ છે.

આ જ તો વિચાર કરવાનો છે. ઈશ્વર તત્ત્વ અદ્રશ્ય છે. એ તત્ત્વ થી પરે કંઈ નથી. એ જ તો સૃષ્ટિનો સર્જનહાર છે. પ્રત્યેક જીવનો દોરી-સંચાર એના હાથમાં જ છે. જ્યારે ધરતીથી આટલે ઉપર કોઈ વાહનમાં પ્રવાસ કરવામાં એક મનુષ્ય પર આંધળો વિશ્વાસ રાખી શકીએ તો સૃષ્ટિના સર્જનહાર, સૃષ્ટિના તારણહાર પર કેમ ન રાખી શકીએ ? વિચારવા જેવું છે !

બીજી એક ખૂબ સાધારણ માનસિક અવસ્થાની વાસ્તવિકતાની પણ વાત કરીએ. ઘણી વખત અનુભવ્યું છે : સાવ સામાન્ય પરિસ્થિતિ છે. દા.ત. હું રોજ એક પાઠ કે પ્રાર્થનાનું રોજ સવારે ૧૧ વખત પઠન કરું છું.... કે માનતા માની છે... પણ આજે સંજોગો એ રંગ બદલ્યો. હું પાઠ ન કરી શકી. હું મૂંઝાઈ ગઈ. ગભરાઈ ગઈ ! પાઠ ન થયા હવે કંઈ ન બનવાનું તો નહિં બને ને ? એ ડરે મન પર આક્રમણ કર્યું. હું ખૂબ જ અસ્વસ્થ થઈ ગઈ. અશ્રુઓ તો જાણે રોક્યા રોકાયા નહીં.

તો આ શું કહેવાય ? ઈશ્વર તત્ત્વ પર શ્રધ્ધા કે ઈશ્વર તત્ત્વ પર શંકા ? કે આપણા નસીબ પર શંકા ? વિશ્વાસ કે ડર ? રોજ કરું છું : આજે સમયસર નહિં થયું. મારા પ્રભુ નારાજ થશે તો ? કૃપા ને બદલે દંડ મળશે તો ? અહિં મારું તો માનવું એ જ છે કે બેમાંથી કોઈ એક જ અવસ્થા હોય ! કાં તો ભરપૂર વિશ્વાસ અને અતૂટ શ્રધ્ધા અથવા તો ડર અને શંકા !

સ્વાર્થ માટે થયેલી પ્રાર્થના કે કોઈ કારણ સાથે થયેલી પ્રાર્થના તો યાચના છે. એમાં સભાનતા છે. જ્યારે કારણ વગર વગરની પ્રાર્થનામાં સહજતા છે. ભય પ્રેરિત થયેલી પ્રાર્થના : તો જાણે નકશા પરનો પ્રવાસ છે. જ્યારે નિર્ભય પ્રાર્થના ‘ઈશ્વર તરફની યાત્રા છે.’ ઈશ્વરને તો કદાચ ફક્ત ભાવ અને શ્રધ્ધાની મૌન ભાષા જ આવડતી હશે. એમની સાથેનો વાર્તાલાપ કાન સાંભળી નથી શકતા : અંતર-મન સાંભળી લે છે ! નિર્ણય આપણે જ લેવાનો છે. પ્રભુ તમે જે કરશો કે કરાવશો : હું આનંદથી એનો સ્વીકાર કરીશ. કૃતકૃત્યતા અનુભવીશ. એમાં સફળ અને સુખી જીવનનો રસ્તો જોવાનો પ્રયત્ન કરીશ. જે થાય તે ખરું: થવા દો, હું તૈયાર છું. કદાચ થોડી ડગી જઈશ તો પણ સજાગ થઈ સતર્ક રહીશ !

પરિસ્થિતિનો સ્વીકાર-વિચારધારા જ એકમાત્ર ઉપાય છે. જેનાથી ન માંગેલી કે ન જાણેલી વાસ્તવિકતાને પચાવી શકશું. તટસ્થ રહી શકશું. પરિવાર અને બાળકોના પથદર્શક બની શકશું.

જે કંઈ થાય છે એ દિલથી સ્વીકારવામાં જ જીવનની પરમ ધન્યતા છે.


## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને પ્રાપ્ત થયેલ દાન

**૧. હેમા બંકિમ પરીખ (જુનાગઢવાળા) ના સ્મરણાર્થે રૂા. ૧૦,૦૦૦/-**

**હસ્તે : બંકિમ રજનીકાંત પરીખ (જુનાગઢવાળા) શચી તરફથી શિક્ષણ સહાય માટે**

**ઉપરોક્ત દાતાનો સંઘ આભાર માને છે.**

**મંત્રી - શ્રી ભાવેશ બિપીન મોદી　　　પ્રમુખ - શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી**


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
POLYCAB
FANS
Concealed Metal Boxes
For
Modular Series
POLYCAB
CONCEALED METAL BOX
CLETA
POLYCAB
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel : 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
ESTD : 1958
Distributors :
POLYCAB
WIRES & CABLES

# ઉત્તમ જીવન જીવવાની ચાવીઓ

- કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

## ધીરૂભાઈ હીરાચંદ અંબાણી

**'સપનાં જોવાની હિમ્મત હોય,**
**તો જીતવા માટે આખી દુનિયા પડી છે'**

**'ગેલેરી બે ભાગમાં વહેંચાયેલી છે**
**ફેમિલી અને બિઝનેસ'**

ખૂલી આંખે સ્વપ્નો જોનારા અને તેમને સાકાર કરી સફળતાની શિખરે પહોંચી કોર્પોરેટ જગતમાં ઈતિહાસ રચનારા એક અનોખા સ્વપ્નસેવીની અદ્‌ભૂત જીવનયાત્રાની ઝલક માણો. માત્ર સપનાં જ ન જોયાં, તેને અમલમાં પણ મૂક્યા. દુનિયાના શ્રેષ્ઠ ધોરણો કરતાં ય ઊંચા અને બહેતર લક્ષ્યાંકો સ્થાપ્યાં. એક મજબૂત કારકીર્દીનો પાયો નાખવો. આ નિર્ણય પડકારરૂપ હતો, પરંતુ પડકારો ઝીલવા ગમતા હતા. મિત્રમંડળ બહોળું અને સંઘના લીડરની ભાવના, ઉત્સાહથી કામ કરવું અને અનેકનું મન જીતી લેવું. સંકુલ પ્રશ્નોને સમજવામાં તથા સમસ્યાઓના ઉકેલ શોધવામાં આવડતરૂપે વ્યક્ત કરવી. ભાવિમાં બહુ જ વિશ્વાસ હતો. પૂરવાર થાય છે કે પરસેવો પાડવા તૈયાર સ્વપ્ન સેવી ગમે તેવા એવા સાધારણ સંજોગો પણ મર્યાદારૂપ નથી બનતા. શ્રધ્ધા હતી તે ક્યાંય પણ કોઈ સમસ્યા થશે તો અવશ્ય તેનો ઉકેલ હશે. અદમ્ય જુસ્સો અને અસીમ મહાત્વાકાંક્ષા ! એ મોટી મૂડી છે. ઉત્કૃષ્ટ ગુણવત્તા, વિરાટ ક્ષમતા અપનાવામાં મોટો ભાગ ભજવે છે.

આપણાં દેશમાં કેટલા બધા લોકો એવા છે જે વાંચી લખી નથી શકતા પણ તેઓ વાતો તો કરી શકે છે. તેથી ભારતમાં મોબાઈલ ફોનનું મોટું બજાર છે. ભારતમાં ઓઈલ ગેસના ભંડાર ભર્યા છે. જે દુનિયાનું સૌથી મોટું ગેસ સંશોધન હતું. તેમની પ્રતિભાવંત માણસોને શોધવાની તેમને સાથે લેવાની અને તેમની પ્રતિભાને વધુ નિખારી તેમને જાળવી રાખવાની ગજબની કુનેહ હતી. હંમેશા સાથીઓને માર્ગદર્શન આપવા જાતે ઉદાહરણરૂપ બનતા. સૌને શ્રેષ્ઠ અને માત્ર શ્રેષ્ઠ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કરતા.

કોઈપણ પડકારોને જુસ્સાથી સામનો કરી પ્રત્યેક આફતને અવસરમાં ફેરવતા ગયા. સર્વાંગી વિકાસ પર કેન્દ્રિત રહેવું અને સૌનો વિકાસ થાય અને તે સમૃધ્ધ થાય. સ્થાનિક સમસ્યાઓના ઉકેલ લાવવામાં ઊંડો રસ લીધો. પોતાની વિનમ્રતા ભૂલ્યા નહોતા. તેઓ દ્રઢપણે માનતા કે તેઓ બધુ કરી શક્યા તો અન્ય કોઈપણ એ કરી જ શકે. હંમેશા નવું શીખવાની ઝંખના, ચીલા-ચાલુને બદલે ચીલો ચાતરવાની વિચારશૈલી, નીડરતા અને જીંદગીના પાઠ સ્વીકારવાની નમ્રતા. સારી તાલીમ આપવાની અને મોટીવેટ કરવું. હંમેશા શિખવાની તડપ કે આશા તેમનું એક શક્તિશાળી શસ્ત્ર છે અને આત્મવિશ્વાસ મોટામાં મોટી મૂડી છે. આ યુગમાં જ્ઞાન જ સફળતાની ચાવી છે.


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જ્યોતિષ વિશારદ મુંબઈ)

**જ્યોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

# આપણા નવા ચીફ આર્મી

- પ્રશાંત સુરેશચંદ્ર પરીખ (લઢ્ઢાપારેખ)

લેફ્ટનંટ જનરલ મનોજ પાંડે ભારતના નવા આર્મી ચીફ થયા. ૨૯ માં સેના પ્રમુખ તરીકે તેમની પસંદગી કરી લેવામાં આવી છે. જો કે મજાની વાત છે કે તેઓ ૧૩ કરોડ મજબૂત દળનું નેતૃત્વ કરનાર કોર્પ્સ ઓફ એન્જિનિયર્સના પ્રથમ અધિકારી છે. આ પહેલાં આટલા મોટા પદ પર માત્ર ઈન્ફેન્ટ્રી, આર્મર્ડ અને આર્ટિલરી અધિકારીઓ જ ચીફ ઓફ આર્મી સ્ટાફ બનતા હતા. મનોજ પાંડે નાગપુરના રહેવાસી છે. તેઓ ચીન પાસે સિક્કીમ અને લદ્દાખ બોર્ડર પર ઘણા ઓપરેશન પાર પાડી ચુક્યા છે.

આર્મી ચીફ મનોજ પાંડેએ કહ્યું કે મારા માટે ગર્વની વાત છે કે મને સેનાના નેતૃત્વની જવાબદારી સોંપવામાં આવી છે, જેને હું અત્યંત નમ્રતાથી સ્વીકારું છું. ભારતીય સેનાનો ગૌરવપૂર્ણ ઈતિહાસ છે જેણે દેશની સુરક્ષા અને અખંડિતતા જાળવવાનું મહાન કાર્ય કર્યું છે.


**લેફ્ટનંટ જનરલ મનોજ પાંડેનો શું છે ઈતિહાસ ?**

NDA (નેશનલ ડિફેન્સ એકેડમીમાંથી) ૧૯૮૨ના બેચમાંથી પાસ થઈ, મનોજ પાંડે એન્જિનયરિંગ બેકગ્રાઉડથી આવનારા પહેલાં આર્મી ચીફ બન્યા. પાંડે એ જમ્મુ-કાશ્મીરમાં એલ.ઓ.સી. પન્નલવાલમાં ચાલેલા ઓપરેશ પરાક્રમને લીડ કર્યું હતું. આ ઓપરેશન ૨૦૦૧ની સાલમાં સંસદ પર થયેલા હુમલા બાદ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં આંતકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા.

તેમને ચીનની પાસેની સીમાઓ પર કામ કરવાનો બહોળો અનુભવ છે. તેઓ ત્યાં કમાંડર અને બ્રિગેડિયરની પોસ્ટ પર કામ કરી ચુક્યા છે. તેઓ લદ્દાખ વિસ્તારમાં માઉંટેન ડિવિઝનમાં એન્જિનિયર બ્રિગેડ પર પણ કામ કરી ચુક્યા છે. નોર્થ ઈસ્ટ રીઝનમાં પણ લેફ્ટનંટ જનરલ હતા તે સમય અન્ય ઓપરેશન્સમાં પણ કામ કરી ચુક્યા છે. આ સિવાય તેઓ અંદામન નિકોબારમાં કમાંડરની


With Best Compliments from :

**Dr. Aashish Mody**
M.S., D.N.B., M.N.A.M.S., F.C.P.S.D.N.B.



**Dr. Rajat Mody**
M.S.

**AASHISH NURSING HOME AND LAPAROSCOPIC SURGERY CENTRE**

B/106, Shroff Apt., Sodawala Lane, Borivali (West), Mumbai - 400092
& Hospital : 28904405 | Mobile : 9821392920

પોસ્ટ પર પણ રહી ચુક્યા છે. મનોજ પાંડે પરમ વિશિષ્ઠ મેડલથી પણ સન્માનિત થઈ ચુક્યા છે.

જનરલ મનોજ પાંડેએ નવા આર્મી ચીફ તરીકેનો કાર્યભાર સંભાળી લીધો છે. તેઓ ૨૯માં આર્મી ચીફ બન્યા. વર્તમાન જનરલ એમ.એમ. નરવણે નિવૃત્ત થયા હતા. જનરલ મનોજ પાંડેએ એવા સમયે ભારતીય સેનાની કમાન સંભાળી છે જ્યારે ભારત અનેક સુરક્ષા પડકારોનો સામનો કરી રહ્યું છે. પાકિસ્તાન સામે LOC અને ચીન સામે LAC જેવા મોટા મુદ્દાઓ છે.

ચાર્જ સંભાળ્યાના એક દિવસ બાદ સેના પ્રમુખે મીડિયાની સામે સેનાના આધુનિકીકરણ અને ભાવિ વ્યૂહરચના અંગે ચર્ચા કરી હતી. તેમણે કહ્યું કે તેમની પ્રથમ પ્રાથમિકતા આગળના પડકારોને પહોંચી વળવા વ્યૂહાત્મક સજ્જતાના ઉચ્ચ ધોરણોને સુનિશ્ચિત કરવાની રહેશે. તેમણે કહ્યું કે અમારો ભાર સૈન્ય ક્ષેત્રમાં આત્મનિર્ભરતા અને આધુનિકીકરણ પર રહેશે. આ સિવાય અમે અદ્યતન ટેક્નોલોજીનો લાભ લઈને ભારતીય સેનાને વધુ મજબૂત કરીશું.

તેમણે કહ્યું કે ભારતીય સૈન્ય પ્રણાલીમાં ચાલી રહેલા સુધારા, પુનઃરચના અને પરિવર્તન પર ધ્યાન કેન્દ્રિત કરવા માગું છું. જેથી કરીને સેનાની કાર્યકારી અને કાર્યક્ષમતા વધારી શકાય. આંતર-સેવા સહકાર વધારવો એ પણ અમારા મુખ્ય ધ્યેયોમાંથીએક ધ્યેય હશે.

આર્મી ચીફ જનરલ મનોજ પાંડેએ કહ્યું કે ભૌગોલિક - રાજકીય પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે અને આપણી સામે ઘણા પડકારો છે. ભારતીય સેનાની ફરજ છે કે તમામ સહયોગી સેવાઓ સાથે સંકલન કરીને કોઈપણ પડકારનો સામનો કરવા તૈયાર રહે. હું મારા પુરોગામી કાર્યને આગળ ધપાવવાનો પૂરો પ્રયાસ કરીશ.

X✶✶



# હોર્મોન્સ જે માણસની ખુશી નક્કી કરે છે

- ડૉ. રીટા ગાંધી

પ્રિય મિત્રો....

મારા મોર્નિંગ વોક પછી હું પાર્કમાં બેઠો હતો. મારી પત્ની આવીને મારી બાજુમાં ગોઠવાઈ ગઈ. તેણે તેણીનો ૩૦ મિનિટનો જોગ પૂર્ણ કર્યો હતો. અમે થોડીવાર વાત કરી. તેણીએ કહ્યું તે જીવનમાં ખુશ નથી. મેં તેણીના સંપૂર્ણ અવિશ્વાસ તરફ જોયું કારણ કે તેણીને જીવનની દરેક વસ્તુમાં શ્રેષ્ઠ લાગતું હતું.

'કેમ તમે એવું વિચારો છો. ?'

'મને ખબર નથી. દરેક જણ કહે છે કે મારી પાસે જરૂરી બધું છે, પણ હું ખુશ નથી.

પછી મેં મારી જાતને પ્રશ્ન કર્યો, 'શું હું ખુશ છું ?', 'ના' મારો આંતરિક અવાજ જવાબ હતો.

હવે, તે મારા માટે આંખ ખોલનારી હતી.

મેં મારા દુઃખનું ખરું કારણ સમજવાની મારી શોધ શરૂ કરી. હું એક શોધી શક્યો નથી.

મેં ઉંડું ખોદ્યું, લેખ વાંચ્યા, લાઈફ કોચ સાથે વાત કરી પણ કંઈ સમજાયું નહીં. છેવટે મેં મારા ડૉક્ટર મિત્રએ મને જવાબ આપ્યો જેનાથી મારા બધા પ્રશ્નો અને શંકાઓ શાતં થઈ ગઈ. મેં તેનો અમલ કર્યો અને કહીશ કે હું ખૂબ ખુશ વ્યક્તિ છું.

તેણીએ કહ્યું, ચાર હોર્મોન્સ છે જે માનવીની ખુશી નક્કી કરે છે.

**૧. એન્ડોર્ફિન્સ**

**૨. ડોપામાઈન**

**૩. સેરોટોનિન**

**૪. ઓક્સીટોસિન**

એ મહત્વનું છે કે આપણે આ હોર્મોન્સને સમજીએ. કેમ કે આપણને ખુશ રહેવા માટે આ ચારેયની જરૂર છે.

ચાલો **પ્રથમ હોર્મોન એન્ડોર્ફિન્સ** જોઈએ.

જ્યારે આપણે કસરત કરીએ છીએ, ત્યારે શરીર એન્ડોર્ફિન છોડે છે. આ હોર્મોન શરીરને વ્યાયામના દર્દનો સામનો કરવામાં મદદ કરે છે. પછી આપણે વ્યાયામનો આનંદ લઈએ છીએ કારણ કે આ એન્ડોર્ફિન્સ આપણને ખુશ કરશે.

હાસ્ય એ એન્ડોર્ફિન ઉત્પન્ન કરવાની બીજી સારી રીત છે. અમારે દરરોજ ૩૦ મિનિટ વ્યાયામ કરવા, વાંચો અથવા રમૂજી સામગ્રી જોવી એન્ડોર્ફિન્સનો દિવસનો ડોઝ મેળવવાની જરૂર છે.

**બીજો હોર્મોન ડોપામાઈન** છે.

આપણી જીવનની સફરમાં, આપણે ઘણા નાના અને મોટા કાર્યોને પૂર્ણ કરીએ છીએ, તે 'ડોપામાઈન' ના વિવિધ સ્ત્રાવ બહાર પાડે છે. જ્યારે ઓફિસમાં અથવા ઘરે અમારા કામ માટે અમારી પ્રશંસા થાય છે, ત્યારે આપણે સિદ્ધ અને સારા અનુભવીએ છીએ, તે છે કારણ કે તે ડોપાઈમાઈન મુક્ત કરે છે. આ એમ પણ સમજાવે છે કે શા માટે મોટાભાગની ગૃહિણીઓને દુઃખ હોય છે કારણ કે તેઓને ભાગ્યે જ તેમના કામ માટે સ્વીકૃતિ અથવા પ્રશંસા મળે છે. નવું ઘર આગળ, દરેક કિસ્સામાં તે ડોપામાઈન મુક્ત કરે છે અને આપણે ખુશ થઈએ છીએ.

હવે, શું આપણે સમજીએ છીએ કે આપણે ખરીદી કરીએ ત્યારે શા માટે ખુશ થઈ જઈએ છીએ ?

**ત્રીજું હોર્મોન સેરોટોનિન** ત્યારે બહાર આવે છે જ્યારે આપણે અન્યને લાભ થાય તે રીતે કાર્ય કરીએ. જ્યારે આપણે આપણી જાતથી આગળ વધીએ છીએ અને અન્યને અથવા પ્રકૃતિને અથવા સમાજને પાછું આપીએ છીએ ત્યારે તે સેરોટોનિન મુક્ત કરે છે પણ, ઈન્ટરનેટ પર ઉપયોગી માહિતી પૂરી પાડવા જેવી કે માહિતી લખવી બ્લોગ, Quora અથવા Facebook જૂથો પર લોકોના પ્રશ્નોના જવાબ આપવાથી સેરોટોનિન ઉત્પન્ન થશે. તે કારણ કે અમે અમારા કિંમતી સમયનો ઉપયોગ અન્ય લોકોને અમારા જવાબો અથવા લેખો દ્વારા મદદ કરવા માટે કરીશું.

**અંતિમ હોર્માન ઓક્સીટોસિન** છે.

જ્યારે આપણે અન્ય મનુષ્યોની નજીક બનીએ છીએ ત્યારે પ્રકાશિત થાય છે. જ્યારે આપણે અમારા મિત્રોને અથવા કુટુંબીજનોને આલિંગન આપીએ છીએ ત્યારે ઓક્સીટોસિન બહાર આવે છે. મુન્નાભાઈની ‘જાદુ કી ઝપ્પી’ ખરેખર કામ કરે છે. એ જ રીતે, જ્યારે આપણે હાથ મિલાવીએ અથવા કોઈના ખભાની આસપાસ હાથ મૂકીએ, ત્યારે ઓક્સીટોસિન વિવિધ માત્રામાં બહાર આવે છે.

તેથી, તે સરળ છે. આપણે એન્ડોર્ફિન મેળવવા માટે દરરોજ કસરત કરવી પડે છે. આપણે નાના ધ્યેયો સિધ્ધ કરવા અને ડોપામાઈન મેળવવાના છે. આપણે સેરોટોનિન મેળવવા માટે અન્ય લોકો માટે સરસ બનાવાની જરૂર છે અને છેવટે આપણાં બાળકોને આલિંગન આપો. મિત્રો અને કુટુંબીજનોને ઓક્સીટોસિન મળે અને આપણે ખુશ થઈ જઈશું. જ્યારે આપણે ખુશ હોઈએ છીએ, ત્યારે આપણે આપણા પડકારો અને સમસ્યાઓનો વધુ સારી રીતે સામનો કરી શકીએ છીએ.

હવે, આપણે સમજી શકીએ છીએ કે જેનો મૂડ ખરાબ હોય તેને આપણે શા માટે ગળે લગાવવાની જરૂર છે.

તેથી તમારા બાળકને દિવસે ને દિવસે વધુને વધુ ખુશ બનાવો.

૧) તેને મેદાન પર રમવા માટે પ્રેરિત કરો. - એન્ડોર્ફિન્સ

૨) તમારા બાળકની તેની નાની મોટી સિદ્ધિઓ માટે પ્રશંસા કરો - ડોપામાઈન

૩) તમારા દ્વારા તમારા બાળકને શેરિંગ કરવાની આદત કેળવો - સેરોટોનિન

૪) આપણાં બાળકને આલિંગન આપો - ઓક્સીટોસિન.

***

|| Jay Jay Shree Gokulesh ||

Kinjal Parikh
8104682589
9820815584

Chintak Parikh
9324310473
9819286125



ESTATE AGENT
*Flat/Shop/Office/Gala/Shed*
BUY - SELL - RENT

Other Services
- Housing Loan
- Loan Against Property
- Mou
- Agreement
- Registration
- Notary

Maha Rera No : A51900019245

YOUR DREAM'S OUR GOAL

શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)
SANKALP ASTROLOGIST CONSULTANT
JYOTIRVID (MUMBAI)
જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ
(મૂડેતી - અમદાવાદ)

જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨
Email : bhattgopal59@gmail.com

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ
## મેડીકલ સેંટર
### ખુશ ખબર

**સર્વે વાડાસિનોર વાસીઓ,**

જત જણાવવાનું કે ફરી એકવાર શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ સંચાલતી મેડીકલ સેંટર ચોપાટી ખાતે નીચે જણાવેલ પેકેજો (એક પેકેજ પર એક પેકેજ ફ્રી) તા. ૧ લી એપ્રીલ થી શરૂ કરવામાં આવે છે. સૌ. મે. N.M. Medical

| ક્રમાંક | પેકેજના નામ | કિંમત |
|---|---|---|
| ૧. | N.M. Health Plan Primary | ૩૫૦૦.૦૦ |
| ૨. | N.M. Health Plan Gold | ૬૯૫૦.૦૦ |
| ૩. | N.M. Health Plan Gold Plus | ૯૯૫૦.૦૦ |
| ૪. | N.M. Health Plan Platinum | ૧૭૫૦૦.૦૦ |
| ૫. | N.M. Health Plan Diamond | ૨૭૫૦૦.૦૦ |
| ૬. | N.M. Senior Citizen Plan | ૭૦૦૦.૦૦ |

વધુમાં જણાવતાં સહર્ષ આનંદ અનુભવીયે છીએ કે જોગેશ્વરી થી બોરીવલી સુધીના રહેવાસીઓ માટે Pathology Test કરાવનારને ફ્રી હોમ વિઝીટની સેવા મળશે. સૌ મે. N.M. Medical

આશા છે કે આપ સૌ વધુમાં વધુ લોકો ઉપર જણાવેલ સેવાઓ નો લાભ લેશો અને સંસ્થાની પ્રગતીમાં અપરોક્ષ રીતે ફાળો નોંધાવશો.

આ અંગેની વધુ વિગતો નીચે જણાવેલ ફોન નંબર પર મેળવી લેવા વિનંતી.

સંપર્ક હેતુ નવો ફોન તથા વોટસઅપ નંબર આપણા સૌની સુવિધા ખાતર રાખવામાં આવેલ છે. સૌને વિનંતી કે આપની જરૂરિયાત મુજબ આપ નિચે જણાવેલ નંબરોનો ઉપયોગ કરી શકશો.

**લેન્ડલાઈન નંબર - ૦૨૨-૨૩૬૭૦૧૬૯ - મોબાઈલ તથા વોટ્સ અપ નંબર - + ૯૧ ૯૮૬૭૯૯૧૮૪૩**

**કારોબારી સમિતિ વતિ મંજુલ ધારિયા, અનિશ ગાંધી, સમીર શાહ - માનદ્ મંત્રીઓ**

---

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

જત જણાવવાનું કે સમાજની કાર્યવાહક સમિતિના એક એવી બેઠકમાં નક્કી થયા મુજબ સમાજ તરફથી ફાળવવામાં આવતી સહાયની રકમ અપૂર્તી હોવાથી સમાજ રૂા. ૧૦,૦૦૦/- ની એક એવી મીતી ની રજુઆત કરે છે. આ રકમ જે તે વર્ષમાં આવશે તે જ વર્ષમાં સહાયરૂપી વાપરવામાં આવશે.

યદી આપ જો આપની મીતી નોંધાવવા ઈચ્છતા હો તો નીચે જણાવેલ સંસ્થાના કાર્યકર્તાઓનો સંપર્ક સાધવા વિનંતી.

| | | |
|---|---|---|
| **શ્રી વ્રજેશ દેસાઈ** | - | ૯૮૨૦૦૩૯૩૦૪ |
| **શ્રી કાર્તિકેય કડકીઆ** | - | ૯૮૨૦૦૩૦૮૪૨ |
| **શ્રી કિર્તી કડકીઆ** | - | ૯૮૨૧૦૨૯૨૭૦ |

અથવા સંસ્થાના હોદ્દેદાર નો સંપર્ક સાધશો.

**કારોબારી સમિતિ વતિ મંજુલ ધારિયા, અનિશ ગાંધી, સમીર શાહ - માનદ્ મંત્રીઓ**

# હિંડોળા ખાટ

## 'યોગ' એટલે જીવનને સમૃધ્ધ બનાવવાની ગુરુચાવી

**યોગ્ય પર્યાય શોધો.**

**ચંદ્રભેદન, કુંભક, યોગ, રેચક, યમ-નિયમ, ઉષ્ટ્રાસન, કુર્માસન, ત્રાટક, ભુજંગાસન, નૌલી, ભસ્ત્રિકા, અનુલોમ-વિલોમ, નેકની એક્સરસાઈઝ**

૧. આસન જેમાં આકાર કાચબા જેવો બને.

૨. યાદશક્તિ, સ્મરણશક્તિ, કલ્પાનશક્તિ વધારવા આ ક્રિયા દૈનિક ધોરણે નિત્ય-નિયમીત કરાય.

૩. જીવનું શિવ સાથેનું મિલન એટલે______________

૪. આસન જેમાં આકાર નાગની ફેણ જેવો દેખાય.

૫. ગરમીમાં આ પ્રાણાયમથી રાહત થાય.

૬. આંખની શક્તિ અને તેજ વધારે.

૭. ક્રિયા જેમાં શ્વાસને રોકી દેવાય.

૮. આસન જેમાં આકાર ઉંટ જેવો દેખાય.

૯. પ્રાણાયામનો રાજા.

૧૦. સ્વ પર કાબુ તથા અનુશાસન.



**જવાબ :** **૧** - કુર્માસન, **૨** - નેકની એક્સરસાઈઝ, **૩** - યોગ, **૪** - ભુજંગાસન, **૫** - ચંદ્રભેદન, **૬** - ત્રાટક, **૭** - કુંભક, **૮** - ઉષ્ટ્રાસન, **૯** - અનુલોમ-વિલોમ, **૧૦** - યમ-નિયમ

## શ્રી બાલાસિનોર પ્રગતી સમાજને પ્રાપ્ત થયેલ દાન

| | |
|---|---|
| ૧. સમીર પ્રવીણચંદ્ર ધારીઆ | રૂા. ૧૦,૦૦૦/- |
| ૨. સુરેન્દ્ર બાબુલાલ ગાંધી | રૂા. ૧૦,૦૦૦/- |
| ૩. હર્ષદ બાબુલાલ ગાંધી | રૂા. ૧૦,૦૦૦/- |
| ૪. સમીર રમેશચંદ્ર દેસાઇ | રૂા. ૧૦,૦૦૦/- |
| ૫. રાજુલ મોહનલાલ પરીખ | રૂા. ૧૦,૦૦૦/- |
| ૬. પરફેક્ટ એન્જી. કું. - પ્રીતિ ધર્મેશ શાહ | રૂા. ૧૦,૦૦૦/- |
| ૭. સમીર સુરેશ શાહ | રૂા. ૧૦,૦૦૦/- |

**ઉપરોક્ત દાતાનો સંસ્થા આભાર માને છે.**

**મંત્રી - શ્રી મંજુલ ધારીઆ, શ્રી અનિશ ગાંધી, શ્રી સમીર શાહ**

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ તથા બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ

### શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

ઉપરોક્ત મંડળ/ટ્રસ્ટી સંચાલિત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષ (૨૦૨૨-૨૦૨૩) ના શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થી મિત્રોએ તા. ૧-૬-૨૦૨૨ બાદ નીચે જણાવેલ મોબાઈલ નંબર પર વોટ્સ એપ દ્વારા પોતાનું ઈમેલ આઈડી આપવાનું રહેશે. તમારા ઈમેલ પર તમને અરજીપત્રક મોકલવામાં આવશે. તે અરજીપત્રક ને સંપૂર્ણ વિગતો સાથે ભરી તમારા ડેસ્કટોપ પર સેવ કરીને નીચે જણાવેલ ઈમેલ પર ૧૦-૮-૨૦૨૨ સુધીમાં મોકલવાનું રહેશે. હાલની પરિસ્થીતીને અનુલક્ષીને મંજુર થયેલી સહાયની રકમ તમારા બેંક ખાતામાં જમા કરવામાં આવશે. તે હેતુ વિદ્યાર્થી મિત્રોએ પોતાના બેંક ખાતાનો એક કેંસલ ચેક અમોને નામ લખીને વોટ્સ અપ દ્વારા મોકલવો અનીવાર્ય છે. અપુર્ણ વિગતો ભરેલ અરજીપત્રક રદ્દબાતલ ગણાશે. મુંબઈ શહેર ખાતે રહેનાર વિદ્યાર્થી મિત્રો અનુકુળતા પ્રમાણે નીચે જણાવેલ સરનામેથી અરજીપત્રક તથા સહાયની રકમ પ્રાપ્ત કરી શકશે.

**વોટ્સ એપ નંબર - જસ્મિન શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦ તથા મંજુલ ધારિયા - ૯૮૨૦૧૩૫૦૧૪**

**સંસ્થાનું ઈમેલ આઈડી : vidhvotejjaktrust@gmail.com**

**અરજીપત્રક મેળવવા તથા સંપૂર્ણ વિગતો ભરીને પાછા આપવાનું સ્થળ :**

૧. **શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાલા)** - બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી., ગણેશ કૃપા, સિક્કા નગર, વી.પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. **સમય :** સોમવાર થી શનિવાર બપોરે ૩ થી ૫.૩૦ કલાક દરમ્યાન.

૨. **શ્રી કીર્તિભાઈ હીરાલાલ કડકીઆ (લટકારી)** - શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧ લે માળે, ૪૫/૪૭ બાબુગેનું રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨. સમય : સોમવાર થી શનિવાર બપોરે ૪ થી ૬ કલાક દરમ્યાન.

**મંજૂર થયેલ શૈક્ષણિક સહાયનો ચેક મેળવવાનું સ્થળ :**

૧. **શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ** - શ્રીપતી આર્કેડ, ૨૩ માં માળે, એ.કે. માર્ગ, નાનાચોક, મુંબઈ - ૪૦૦૦૩૬. **સમય :** સોમવાર થી શનિવારે બપોરે ૩ થી ૪ કલાક દરમ્યાન (ફોન કરીને આવવું) - ૯૮૨૦૧૫૭૩૩૫, ૦૨૨-૨૩૮૬૯૮૨૧

પારિતોષિક યોજના (સંજોગો અનુસાર વાર્ષિક સામાન્ય સભા રદ્દ થશે તો પારિતોષિક આપવામાં નહીં આવે.)

શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના અભ્યાસક્રમ દરમ્યાન માર્ચ/એપ્રિલ/મે ૨૦૨૨ અથવા અન્ય સમયે લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થી મિત્રોને વિવિધ શૈક્ષણિક વિભાગમાં સખાવતી દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ ન્યાસફંડની રકમના વ્યાજમાંથી મંડળ/ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષ પારિતોષિક આપવામાં આવે છે.

૧. નોંધ : આ યોજના (ધોરણ ૧૦) તેમજ ત્યારબાદ કોલેજના ઉચ્ચતર અભ્યાસક્રમ માટે જ છે. સફળ વિદ્યાર્થી મિત્રોએ પરિણામ (માર્કશીટ) ની ઝેરોક્ષ કોપી મંડળની કારોબારી સમિતિનાં સભ્યોને તા. ૧૦-૮-૨૦૨૨ પહેલા મોકલાવી આપવા વિનંતી.

૨. સંપૂર્ણ વિગતો ભરેલા અરજીપત્રક મળ્યા બાદ અરજીપત્રકની યોગ્ય ચકાસણી કરવામાં આવશે અને શૈક્ષણિક સહાય સમિતિની મંજુરીનેઆધીન રહેશે.

ઉપયુક્ત બન્ને પ્રવૃત્તિ અંગેની વધુ માહિતી માટે મંડળના માનદ્ મંત્રીઓનો સંપર્ક સાધવો.

**માનદ્ મંત્રીઓ**

**શ્રી જસ્મીન બીપીન શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦** **શ્રી ધર્મેશ જયંતીલાલ શાહ - ૯૮૨૦૩૪૧૩૭૧**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસમાં) માર્ચ માહે ૨૦૨૨ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, આંખ, માનસિક, સોનાગ્રાફી, મોબાઈલ, ફીજીયોથેરાપી, તેમજ ઈમરજન્સીમાં કુલ ૫૨૧૫ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૨૯૩ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૩૫૩૧ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૦૯ માઈનોર ૧૭, ગાયનેકના મેજર ઓપરેશન ૬૩ પૈકી કુટુંબ કલ્યાણના ૪૨ તથા માઈનોર ૦૬ તથા ઈએનટી માઈનોર ૧૨ તેમજ આંખના મેજર ૨૧૬ ઓપરેશનોકરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૬૯૯૯૦૯/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૧૭૭૨૫૦/-ની માફી તેમજ ઓપીડીમાં (લેબ, એક્સરે, ઓક્સીજન વિગેરે) માં રૂા. ૧૧૦૪૯૫/- ની માફી મળીને કુલ ૯૮૭૬૫૪/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**૧. કુસુમબેન કીર્તનલાલ પારેખ - છારી કેમ્પ** - હોસ્પિટલમાં તા. ૨૫-૩-૨૦૨૨ ના રોજ છારીનો કેમ્પ યોજવામાં આવેલ જેમાં ૪૧ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**૨. મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરસી) ઈકો કેમ્પ :** તા. ૩-૩-૨૦૨૨ના રોજ તથા તા. ૧૭-૦૩-૨૦૨૨ના રોજ ૩૭ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં માહે માર્ચ ૨૦૨૨ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી, નેફ્રોલોજી તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ ૧૬૫૧ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં ૪૮૮ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૮૨૯ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ લેબમાં રૂા. ૫૧૩૦/- રૂા. ની માફી તથા રૂા. ૬૫૦૭૯/- ની દવા માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૨૫૫૦૦/- ની માફી મળીને કુલ રૂા. ૯૫૭૦૯/- ની માફી તથા ડાયાલીસીસમાં સરકારશ્રીની યોજના હેઠળ ૧૬૬ દર્દીઓએ લાભ લીધેલ છે.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :-**

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી તારાબેન અને શાંતિલાલ કડકીઆ પરિવાર | રૂા. ૧,૧૦,૦૦૦/- |
| ૨. | નટવરલાલ સાંકરલાલ દેસાઈની સ્મૃતિમાં હ. શ્રી શરદભાઈ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૩. | એક અનામી દાતા | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૪. | શ્રીમતી વસંતાબેન પ્રવિણચંદ્ર દેસાઈ | રૂા. ૨૫,૦૦૦/- |
| ૫. | શ્રી રાજેન્દ્ર કાંતિલાલ મોદી | રૂા. ૫,૦૦૦/- |

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં વધુ નોંધાયેલ દાન**

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી મીનાબેન તથા રશ્મિકાંત કીર્તનલાલ કડકીઆ | રૂા. ૨૨,૦૦૦/- (બે મિતી) |

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સીંગ કોર્ષ તથા બી.એસ.સી. નર્સીંગ કોલેજની ગુજરાત નર્સીંગ કાઉન્સીલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્ષ માહે જાન્યુઆરી ૨૦૨૧ થી ચાલુ થઈ ગયેલ છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧,૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.**

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫,૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.**

**શ્રી નિતીન પરીખ / શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

# બાલાસિનોર વિદ્યા મંડળ – પ્રશંસનીય દાન

**આપણી સંસ્થાને માદબર દાન નીચે જણાવેલ દરિયાદિલ દાતાઓ તરફથી મળ્યું છે.**

૧. શ્રી નટવરલાલ સાકરલાલ દેસાઈની મધુર સ્મૃતિમાં ગરીબ વિદ્યાર્થી ફી રાહત યોજના માટે શ્રી શરદભાઈ નટવરલાલ દેસાઈ તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે એક લાખ પુરા) નું માતબર દાન મળ્યું છે.

૨. શ્રી નયનાબેન રશ્મિકાંતભાઈ ધારીઆ (લાલખા) ની મધુર સ્મૃતિમાં ગરીબ વિદ્યાર્થી ફી રાહત યોજના માટે રૂા. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નું માતબર દાન મળ્યું છે.

૩. ભાનુપ્રિયાની મધુર સ્મૃતિમાં ગરીબ વિદ્યાર્થી ફી રાહત યોજના માટે શ્રી નવીનચંદ્ર ઓચ્છવલાલ પારેખ (I.R.S.) (રીટાયર ચીફ ઈન્કમટેક્ષ કમિશનર, ગુજરાત રાજ્ય) તરફથી રૂા. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નું માતબર દાન મળ્યું છે.

૪. શ્રી અન્નપૂર્ણા ફાર્મસ ચેરીટેબલ ટ્રસ્ટ (ટ્રસ્ટી શ્રી ચેતનભાઈ રમણીકલાલ ધારીઆ) તરફથી રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) નું માતબર દાન મળ્યું છે.

૫. શ્રીમતી કલ્પનાબેન કીર્તિભાઈ કડકિઆ (લટકારી) તરફથી રૂા.૪,૫૦૦/- (અંકે રૂપિયા પીસતાળીસ સો પુરા) નું માતબર દાન મળ્યું છે.

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપુંજના જાહેર માધ્યમ દ્વારા દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે, અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

**લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી**


## દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. – ૯૫૯૪૩૨૬૨૦૨**


## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

- **યોગેશ ઓચ્છવલાલ પરીખ**
  ૭૦૪, સ્વામી દર્શન, નિર્મલ કોલેજ પાસે,
  એમ.જી. રોડ, કાંદિવલી (વે.), મુંબઈ - ૪૦૦૦૬૭
  **યોગેશ પરીખ - ૯૮૧૯૮૯૮૭૨૭**
  **વર્ષા પરીખ - ૯૯૬૭૩૫૨૬૬૩**

### મૃત્યુ નોંધ

| | |
|---|---|
| શાંતાબેન નવનીતલાલ કડકીઆ (ફાડીયા) | ૯૪ |
| સૂર્યકાંત રમણલાલ શાહ (ચકવા) | ૮૯ |
| મીરાંશ રૂપેશ પરીખ | ૧૯ |
| રશ્મીકાંત નટવરલાલ દેસાઈ | ૭૬ |
| અશ્વિન કાંતીલાલ મોદી (પેપરવાલા) | -- |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB

## WIRES & CABLES






- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA +91 9769025153**

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Publishing day 20th of every month

36

JYOTI PUNJ - May - 2022

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH    RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com W: www.anukoolselections.com

Celebrating 25th Year

IES

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS

Your Indian Distribution Partner

Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE · AVA AVOLITES · MADRIX LIGHTING CONTROL · HK AUDIO

ASHLY · lumenradio · Luminex · CAPTURE · PENTON · DJPOWER

Concept · Design · Installation · Supply · Training · Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.